### પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. ચારણની કારકિર્દી સતત વિવાદાસ્પદ રહી છે

# PI વી.એ.ચારણે લવજેહાદ કેસને પણ અંગત કમાણીનું સાધન બનાવી દીધો

## નડિયાદના ચકચારી માસુમ મહિડા લવજેહાદ કેસમાં પણ વી.એ. ચારણની ભૂમિકાથી ખાખી લજવાણી હતી

**ગુજરાતમિત્ર ઈન્વેસ્ટીગેશન**

(પ્રતિનિધિ) આણંદ તા.21

વડોદરાના પાદરા પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા લાંચકાંડમાં પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. ચારણનું નામ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. અક્ષર ચોક વિસ્તારમાં 16 એપ્રિલના રોજ સાજીદઅલી ગુલામરસુલ સૈયદ (રહે. ચાણસદ) નામનો શખસ રૂ. 2 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો હતો. આ કાર્યવાહી દરમિયાન ઝડપાયેલા શખસની પૂછપરછમાં ખુલાસો થયો કે પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. ચારણના વતી આ લાંચ લેવામાં આવી રહી હતી. આ ઘટના સામે આવતા જ ચારણ ભૂગર્ભમાં ઉતરી ગયાં હોવાની ચર્ચાઓ તેજ બની છે. તપાસ દરમિયાન બહાર આવ્યું કે સમગ્ર મામલામાં “લવજેહાદ”નો ગુનો નોંધવાની ધમકી આપી ફરિયાદી પક્ષ પાસે રૂપિયા વસૂલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં રૂ. 6 લાખની માંગણી કરવામાં આવી હતી, પરંતુ રકઝક બાદ અંતે રૂ. 2 લાખમાં સેટલમેન્ટ થયું હતું. ટ્રેપ ગોઠવીને વચેટિયાને રંગેહાથ ઝડપી લેવાતા સમગ્ર ગોટાળો બહાર આવ્યો હતો. આ ઘટનાએ પોલીસ વિભાગની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. પોલીસ ઈન્સપેક્ટર વી.એ. ચારણનો વિવાદો સાથેનો સંબંધ નવો નથી. તેમની લગભગ બે દાયકાની કારકિર્દીમાં તેઓ સતત ચર્ચામાં રહ્યા છે. ખાસ કરીને આણંદ જિલ્લાના પેટલાદ ખાતે પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સમયે નડિયાદના ચકચારી માસુમ મહિડા કેસમાં તેમની ભૂમિકા શંકાસ્પદ રહી હતી. તે સમયે રાજ્યભરમાં આ કેસને લઈને ભારે તણાવ જોવા મળ્યો હતો અને નડિયાદ બંધનું એલાન પણ આપવામાં આવ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા જોતા તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે તપાસ એટીએસને સોંપી હતી. આક્ષેપો મુજબ, ચારણ દ્વારા પોલીસ વિભાગની ગુપ્ત માહિતી માસુમ મહિડા સુધી પહોંચાડવામાં આવતી હતી, જેના કારણે તે લાંબા સમય સુધી પોલીસના હાથમાં આવતો નહોતો. એટલું જ નહીં, તેની હલચલમાં સહાયરૂપ થવાના પણ આક્ષેપો થયા હતા. જોકે, એટીએસને માહિતી મળતા તપાસની દિશા બદલાઈ અને અંતે માસુમ મહિડા ઝડપાયો હતો. આ સમગ્ર ઘટનાક્રમ કોર્ટના ચોપડે પણ નોંધાયો હોવાનું કહેવાય છે.છતાં વી.એ. ચારણને વારંવાર મહત્વપૂર્ણ અને મલાઈદાર પોસ્ટિંગ મળતી રહી છે. આણંદ, નડિયાદ, વડોદરા અને અમદાવાદ ગ્રામ્ય જેવા વિસ્તારોમાં તેમની નિમણૂકને લઈને પોલીસ તંત્રમાં ચર્ચાઓ ચાલતી રહી છે. કેટલાક વર્તુળોમાં તો તેમની પાછળ ખાખી અને ખાદી બન્નેના આશીર્વાદની પણ ચર્ચા છે.હાલના લાંચકાંડ પછી ફરી એકવાર પોલીસ તંત્રની પારદર્શિતા અને જવાબદારી પર સવાલો ઊભા થયા છે.


ફિલ્મી અદામાં ગાડીમાંથી ઉતરતા પીઆઇ ચારણ

### એસીબી દ્વારા પીઆઈ ચારણના પરિવારજનોના નિવેદનો લેવામાં આવ્યા, પરંતુ અધિકારી વિશે કોઈ માહિતી ન હોવાનું જણાવ્યું

વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાં આવતા પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ. ચારણે સમગ્ર પોલીસ વિભાગનું નાક કપાવે તેવી કામગીરી કરી હોવાનું સામે આવ્યું છે.લવ જેહાદના કેસમાં કાર્યવાહી ન કરવા માટે પીઆઇ ચારણના વતી વચેટિયાએ રૂપિયા બે લાખની લાંચ લીધી હતી અને તે એસીબીના હાથે ઝડપાયો હતો. એસીબી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે, જેમાં પીઆઈના ઘરે પણ તપાસ કરવામાં આવી હતી, પરંતુ કંઇ પણ મળ્યું નથી. પીઆઈની પત્ની, માતા સહિત પરિવારજનોના નિવેદનો લેવામાં આવ્યા છે, પરંતુ તેઓએ કોઈ માહિતી ન હોવાની વાત કરી છે. એસીબીની ટ્રેપ પછીથી પીઆઈનો ફોન સંપૂર્ણપણે બંધ આવી રહ્યો હોવાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે.પીઆઇ જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા હોય તેમ હજુ સુધી એસીબીના હાથમાં આવ્યા નથી. ઘટનાને ચારથી પાંચ દિવસ વીતી ગયા છતાં પણ એસીબી તેમને પકડી શકી નથી, જેને લઈને અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે.

### સોશિયલ મિડિયા પર પોલીસ ઈન્સપેક્ટર વી.એ. ચારણના તમામ કેસ રિ ઈન્વેસ્ટીગેશન કરવા માંગણી કરાઇ

એન્ટી કરપ્શન બ્યૂરો દ્વારા તેમના સોશ્યલ મિડિયા એકાઉન્ટ પર લાંચ લેતા પકડાયેલા શખસની વિગતો મુકી હતી. આ સાથે સોશ્યલ મિડિયા યુઝર્સે કેટલીક ચોંકવનારી કોમેન્ટ કરી હતી. જેમાં એક વ્યક્તિએ પોતાના પર વી.એ. ચારણે ખોટી ફરિયાદ દાખલ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઉપરાંત વી.એ. ચારણે દાખલ કરેલી તમામ ફરિયાદોનું રિ-ઇન્વેટીગેશનની પણ માગણી કરી છે. આ ઉપરાંત એક યુઝર્સે તો વરઘોડો કાઢવા સુધીની માગણી કરી હતી.પાદરા પોલીસ ઇન્સ્પેક્ટર વી. એ. ચારણ સામે અગાઉ ખેડા એન્ટી કરપ્શન બ્યૂરોમાં અપ્રમાણસરની મિલકતની અરજી કરી તપાસની માગણી કરવામાં આવી હતી. જે તે સમયે ખેડા એસીબીએ કાર્યવાહી શરૂ પણ કરી હતી. પરંતુ કોઇ અગમ્ય કારણોસર આ મામલો અભેરાયે ચડી ગયો હતો. પાદરાના લાંચ કેસ બાદ ફરી આ મામલે તપાસ થાય તે જરૂરી બન્યું છે.

### ગૌવંશ કતલ માટે વપરાયેલું વાહન જમા લીધું નહતું

કઠલાલમાં વર્ષ 2021ના ગાળામાં ગૌમાંસ સાથે બે શખસ પકડાયાં હતાં. જેમને કપડવંજ સેશન્સ કોર્ટે સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. જોકે, આ કેસમાં તપાસ અધિકારી તરીકે વી. એ. ચારણની બેદરકારી અંગે શિક્ષાત્મક પગલાં ભરવા કોર્ટે જિલ્લા પોલીસ વડાને તાકીદ કરી હતી. ગૌવંશના કતલ જેવા સંવેદનશીલ કેસમાં પણ તપાસ અધિકારી તરીકે વી.એ. ચારણે ગુનામાં પકડાયેલી રિક્ષા સરકારમાં જમા બતાવી નહતી. રિક્ષાની માલિકીના કોઇ પુરાવા રજૂ કર્યાં નહતાં. આ ઉપરાંત બળદના માલિકનું નિવેદન પણ લીધું નહતું. આ કેસમાં વારંવાર સમન્સ આપવા છતાંય વી.એ. ચારણ કોર્ટમાં હાજર થયાં નહતાં. તેની આ વર્તણૂંકને કોર્ટે ગંભીરતાથી લીધી હતી.

### ●તારાપુર PI તરીકે સસ્પેન્ડ થયાં

આણંદ જિલ્લામાં પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે વી.એ. ચારણની નિમણૂંક બાદ તેમને તારાપુર ખાતે પોસ્ટીંગ આપવામાં આવ્યું હતું. પરંતુ તેમના પોસ્ટીંગના થોડા સમયમાં જ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે દરોડો પાડ્યો હતો અને ભાવનગરની કંપનીના સળિયા ચોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. આ બાબતને ગંભીર નોંધ લઇ તત્કાલીન જિલ્લા પોલીસ વડાએ વી.એ. ચારણને સસ્પેન્ડ કર્યાં હતાં.

---

### વિદ્યાર્થી દીઠ રૂ.2160ના બદલે રૂ.2500 મળશે

# આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં વધારો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21

રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ચાલી રહેલી આશ્રમ શાળાઓને મોટી રાહત આપતા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આશ્રમ શાળાઓને વિદ્યાર્થી દીઠ 2160 રૂ. નિભાવ ગ્રાન્ટ મળતી હતી. પરંતુ હવે તેમાં વધારો કરીને વિદ્યાર્થી દીઠ 2500 નિભાવ ગ્રાન્ટ કરવામાં આવી છે. નિભાવ ગ્રાન્ટમાં વધારો થવાના કારણે હવે વિદ્યાર્થીઓને રોજિંદા ખર્ચ માટે વધુ આર્થિક સહાય ઉપલબ્ધ થશે. અગાઉ આશ્રમશાળાઓમાં રહેઠાણ અને ભોજન માટે વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટની રકમ મર્યાદિત હતી, જેના કારણે વધતા મોંઘવારીના સમયમાં સંચાલકો અને વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગ્રાન્ટમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લો વધારો 8 એપ્રિલ, 2022ના રોજ ઠરાવ બહાર પાડીને આશ્રમ શાળાઓની નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ 1500થી વધારીને 2160 કરવામાં આવી હતી. જોકે, હવે ચાર વર્ષ બાદ ફરી એકવાર તેમાં વધારો કરવામાં આવ્યો છે. નિષ્ણાતોના મતે રાજ્ય સરકારના આ પગલાને શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. નિષ્ણાતોના મતે, આ પ્રકારના નિર્ણયોથી પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેનો રસ વધશે અને તેઓ વધુ સારી રીતે અભ્યાસ કરી શકશે. આ રીતે, એસઈબીસી આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં વધારો એ એક સકારાત્મક અને સમયોચિત પગલું સાબિત થશે, જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બનશે.

**નબળા વર્ગના વિદ્યાર્થીઓને નિર્ણયથી લાભ મળશે**

**1.સુવિધામાં સુધારો:** આ વધારાથી આશ્રમ શાળાઓમાં રહેઠાણ, ભોજન, શિક્ષણ સંબંધિત સામગ્રી તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં સરળતા રહેશે.
**2.ગ્રામ્ય વિદ્યાર્થીઓને લાભ:** ખાસ કરીને ગ્રામ્ય અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને આ નિર્ણયથી વધુ લાભ મળશે.
**3.સંચાલકોને રાહત:** આ નિર્ણયથી આશ્રમશાળાના સંચાલકોને પણ રાહત મળશે, કારણ કે અત્યાર સુધી મર્યાદિત ગ્રાન્ટને કારણે સંચાલન ખર્ચ ઊંચો જતો હતો.
**4.ગુણવત્તાયુક્ત સેવા:** હવે વધારાની ગ્રાન્ટથી શાળાઓમાં સુવિધાઓ સુધારવાની સાથે વિદ્યાર્થીઓને વધુ સારી ગુણવત્તાવાળી સેવાઓ આપવામાં મદદ મળશે.

---

## હરણીની બ્રાઈટ ડે સ્કૂલમાં ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો

વડોદરા : વડોદરા શહેર ટ્રાફિક પોલીસ (પૂર્વ) દ્વારા હરણી સ્થિત બ્રાઈટ ડે સ્કૂલ (CBSE) ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશ્નર સુધીર દેસાઈના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક-પૂર્વ) તેજલ પટેલ તથા જે.આઈ. વસાવાના સુચન મુજબ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન પો. સબ ઈન્સ્પેક્ટર વી.આર. ઠાકોર અને ટ્રાફિક પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા. સવારે 10 થી 11.30 દરમ્યાન યોજાયેલા આ કાર્યક્રમમાં ધોરણ 9ના આશરે 400 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશન અને વિડિયો દ્વારા રોડ ડિઝાઈન, રોડ માર્કિંગ, વિવિધ પ્રકારના ડિવાઈડર, ટ્રાફિક સિગ્નલ, સ્ટોપ લાઈન અને ઝિબ્રા ક્રોસિંગ જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતાં.

---

### ‘અગનગોળા’ વરસતા વડોદરાના માર્ગો ઓગળ્યા!

## સુભાનપુરામાં ડામર પીગળતા તંત્રની કામગીરી સામે પણ સવાલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21

રાજ્યભરમાં હાલ ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પારો આસમાને પહોંચી રહ્યો છે, ત્યારે સંસ્કારી નગરી વડોદરામાં પણ સૂર્યનારાયણ વહેલી સવારથી જ પોતાનો આકરો મિજાજ બતાવી રહ્યા છે. વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં ગરમીની એટલી ભયાનક અસર જોવા મળી રહી છે કે કાળઝાળ ગરમીને કારણે મુખ્ય માર્ગો પરનો ડામર પીગળવા લાગ્યો છે. શહેરના સુભાનપુરા ગાર્ડનથી સુભાનપુરા તરફ જતા મુખ્ય માર્ગ પર ગરમીનો પારો એટલો ઊંચો ગયો હતો કે ડામર પીગળવાની ઘટના સામે આવી છે. માર્ગો પર ડામર પીગળીને ચીકણો થઈ જવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ટુ-વ્હીલર ચાલકોના ટાયરો ડામરમાં ચોંટી જવાની અને લપસી જવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે ટ્રાફિકની ગતિ પર પણ અસર પડી છે.



વહેલી સવારથી જ આકરા તાપને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. બપોરના સમયે રસ્તાઓ સૂમસામ ભાસી રહ્યા છે, છતાં જે લોકો અનિવાર્ય કામકાજ અર્થે બહાર નીકળી રહ્યા છે તેઓ આ પીગળેલા ડામરને કારણે ભારે હેરાનગતિ ભોગવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગરમીની આ તીવ્રતાને કારણે રોડની હાલત કથળી છે અને લોકો સુરક્ષિત રીતે વાહન ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આગામી દિવસોમાં જો ગરમીનો પારો હજુ વધશે તો જનતાની મુશ્કેલીઓમાં ઓર વધારો થવાની શક્યતા છે.

---

### પોલો ગ્રાઉન્ડની રાજદીપ સોસાયટીમાં ચોરનો આતંક

## ચોથી વાર CCTVમાં એક જ શખ્સ જોવા મળતાં રહીશોમાં ભારે ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો અને અસામાજિક તત્વો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના અત્યંત પોશ ગણાતા પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી રાજદીપ સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોરના આતંકને કારણે રહીશોની ઊંઘ હરામ થઈ ગઈ છે. આ સોસાયટીમાં એક જ શંકાસ્પદ શખ્સની હરકતો સતત ચોથી વખત સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ગભરાટ અને અસુરક્ષાની લાગણી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજદીપ સોસાયટીના ખાસ કરીને 235 રો-ડુપ્લેક્સ વિભાગમાં તસ્કરોનો ડોળો હોવાનું જણાય છે. સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યા મુજબ, એક અજાણ્યો શખ્સ નિર્ભય બનીને સોસાયટીમાં



આંટાફેરા કરી રહ્યો છે. આ શખ્સની હિલચાલ પરથી સ્પષ્ટ જણાય છે કે તેને કાયદાનો કોઈ ડર નથી. એક જ વ્યક્તિ વારંવાર ચોરીના ઈરાદે સોસાયટીમાં પ્રવેશતી હોવા છતાં પોલીસ પકડથી દૂર રહેતા રહીશોમાં તંત્ર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર બનતી આ ઘટનાઓને પગલે સોસાયટીના રહીશોએ તાત્કાલિક ધોરણે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં લોકોએ પોતાની સુરક્ષા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે, “ચોર બેખોફ થઈને સોસાયટીમાં ફરી રહ્યો છે અને વારંવાર એક જ પ્રકારની હરકતો કરી રહ્યો છે. જો સમયસર આ શખ્સને ઝડપી પાડવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં કોઈ મોટી ચોરી કે જાનહાનિ જેવી અનિચ્છનીય ઘટના બની શકે છે.” આ મામલે સ્થાનિકોએ પોલીસ તંત્ર પાસે તાત્કાલિક અને કડક કાર્યવાહીની માંગણી કરી છે. રહીશોની માંગ છે કે આ વિસ્તારમાં રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે અને કાયમી ધોરણે પોલીસ પોઈન્ટ ગોઠવવામાં આવે જેથી અસામાજિક તત્વોમાં ફાળ પડે. હાલમાં સોસાયટીના લોકોએ સ્વયંભૂ રીતે પણ સતર્કતા દાખવવાનું શરૂ કર્યું છે. રહીશોએ એકબીજાને અજાણ્યા વ્યક્તિઓ પર નજર રાખવા અને સીસીટીવી સિસ્ટમને વધુ મજબૂત કરવા અપીલ કરી છે.

---

### રેસ્ક્યુ બાદ શાહુડીને સુરક્ષિત રીતે વન્યવિભાગને સોંપાઈ

## ભાયલી નવરચના યુનિ.માં શાહુડી આવતા કુતુહલ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.21

વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલી નવરચના યુનિવર્સિટી ખાતે એક અનોખી ઘટના બની હતી. જ્યાં યુનિવર્સિટીના પાંચમા માળે એક શાહુડી દેખાતા ચકચાર મચી ગઈ હતી. બનાવની જાણ કરાતા વનવિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમતે રેસ્ક્યુ કરી વનવિભાગ ખાતે લઈ જવામાં આવી હતી. ભાયલી વિસ્તારમાં આવેલી નવરચના યુનિવર્સિટીના રિતેશ પટેલ દ્વારા વન્યજીવ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી કે, બિલ્ડિંગના પાંચમા માળે આવેલા સ્ટોર રૂમમાં એક શાહુડી ફસાઈ ગઈ છે. જે માહિતી મળતા જ વન્યજીવ રેસ્ક્યુ ટીમ તરત જ સ્થળ પર પહોંચી ગઈ હતી. વનવિભાગની ટીમના સભ્યો જીગ્નેશ પરમાર અને દોરીલાલ ફોજદારએ સુરક્ષિત રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને શાહુડીને બહાર કાઢી હતી. રેસ્ક્યુ બાદ શાહુડીને સુરક્ષિત રીતે વન્યજીવ સુરક્ષા કેન્દ્ર ખાતે લાવવામાં આવી છે, જ્યાં તેની તબીબી તપાસ અને દેખરેખ કરવામાં આવી રહી છે. સ્થાનિકોમાં આ ઘટનાને લઈ આશ્ચર્ય સાથે ઉત્સુકતા પણ જોવા મળી હતી.

---

### કારેલીબાગમાં ભર ઉનાળામાં પડ્યો ‘ભ્રષ્ટાચારનો ભુવો’

## નાગરવાડા નવીધરતી તરફના માર્ગ પર જીવનસાધના સ્કૂલ પાસે ભૂવો પડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.21

વડોદરા શહેરના સુવિધાજનક ગણાતા કારેલીબાગ વિસ્તારમાં, જીવનસાધના સ્કૂલ જેવા ગીચ વિસ્તારમાં પડેલો ભુવો વડોદરા મહાનગરપાલિકાના ‘વિકાસ’ના દાવાઓની પોલ ખોલી રહ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ્યારે રસ્તાઓ પર ટ્રાફિકની અવરજવર સામાન્ય હોય છે, ત્યારે રસ્તા વચ્ચે પડેલો આ મસમોટો ખાડો પાલિકાના તંત્રની નિષ્કાળજી અને ભ્રષ્ટાચારનું જીવંત પ્રમાણ બની ગયો છે. સ્થાનિક રહીશો અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીવનસાધના સ્કૂલ પાસે બાળકોની સતત અવરજવર રહેતી હોય છે. આટલા ગીચ વિસ્તારમાં રસ્તો બેસી જવો તે સાબિત કરે છે કે કામગીરીમાં ગુણવત્તા સાથે કેવી રીતે ચેડાં કરવામાં આવ્યા છે. શું કરોડો રૂપિયાનો ટેક્સ ભરતા વડોદરાવાસીઓને પાલિકાના અધિકારીઓ માત્ર જીવના જોખમે મુસાફરી કરવાનું જ આપી શકે તેમ છે ? કોન્ટ્રાક્ટરો સાથેની સાંઠગાંઠ અને કામમાં વપરાતી હલકી કક્ષાની સામગ્રીનું આ સીધું પરિણામ છે. વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન કે અન્ય કોઈ કામગીરીમાં આડેધડ ખોદકામ અને ત્યારબાદ તેને યોગ્ય રીતે ન પૂરવાની બેદરકારી આજે એક મોટું જોખમ બનીને સામે આવી છે. ભર ઉનાળે રસ્તો બેસી જવો તે



જ દર્શાવે છે કે જમીન નીચેની કામગીરીમાં પાયાની ભૂલો રહેલી છે. જો અત્યારે આ સ્થિતિ છે, તો આવનારા ચોમાસામાં અહીંથી પસાર થવું કેટલું જોખમી બની રહેશે, તે વિચારીને જ લોકોના રૂંવાડા ઉભા થઈ જાય છે. શું પાલિકાના સત્તાધીશો કોઈ મોટી દુર્ઘટના ઘટશે ત્યારે જ જાગશે ? શું કોઈ નિર્દોષ નાગરિક કે બાળક આ ભ્રષ્ટાચારના ખાડામાં ગરકાવ થાય તેની રાહ જોવાઈ રહી છે ? આ ભુવો માત્ર એક ખાડો નથી, પરંતુ પાલિકાના શાસકોની સંવેદનહીનતા અને ભ્રષ્ટ કાર્યપદ્ધતિનું પ્રતીક છે. વડોદરા મહાનગરપાલિકાએ હવે પોલિટિકલ સ્ટેટમેન્ટ આપવાને બદલે જમીની સ્તરે કામ કરીને લોકોનો વિશ્વાસ ફરી જીતવો પડશે.

---

### સગાઈ પહેલા જ યુવતીની છેડતી

## અંગૂઠી વિવાદથી ઉશ્કેરાયેલા યુવકે ઘરમાં ઘૂસી મારમાર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં સગાઈની અંગૂઠી બાબતે થયેલા વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. સગાઈ તોડવાની વાતથી ઉશ્કેરાયેલા યુવકે યુવતીના ઘરે જઈ ઝઘડો કરી તેના પર હુમલો કરી છેડતી કર્યાનો આરોપ સામે આવ્યો છે. યુવતીએ આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના આજવા રોડ પર રહેતી યુવતીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આનંદ નવીનકુમાર ગોહિલ નામના યુવક સાથે તેની સગાઈ નક્કી કરવામાં આવી હતી. પરંતુ સગાઈની અંગૂઠી બાબતે બંને પક્ષ વચ્ચે મતભેદ ઊભો થયો હતો. આ બાબતે ઉશ્કેરાયેલા આનંદ ગોહિલ યુવતીના ઘરે જઈ તેના પરિવાર સાથે ગાળાગાળી કરી ધાક-ધમકી આપી હતી. આ બનાવ બાદ યુવતી યુવકના અયોગ્ય વર્તનથી નારાજ થઈ બીજા દિવસે તેના માતાને ફોન કરી સગાઈ તોડી નાખવાની જાણ કરી હતી.

સગાઈ તૂટવાની વાતથી વધુ ઉશ્કેરાયેલા આરોપીએ યુવતીને ફોન પર ગંદી ગાળો આપી હતી. યુવતીએ તેનો નંબર બ્લોક કરી દીધો હતો. આ પછી પણ આરોપી શાંત ન બેઠો અને સાંજના સમયે યુવતીના ઘરે પહોંચી ફરીથી ઝઘડો કર્યો હતો. તે સમયે યુવતી પોતાના ઘર પાસે ગાડી પાર્ક કરી રહી હતી ત્યારે આરોપીએ બળજબરીથી તેનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો. થોડા સમય બાદ આરોપી તેની એક મિત્ર સાથે એક્ટિવા પર પરત આવ્યો હતો. ત્યારબાદ કોઈ વાતચીત કર્યા વગર તેણે યુવતીનો કોલર પકડી તેની છેડતી કરી હતી અને જાહેરમાં તેને બે લાફા મારી અભદ્ર વર્તન કરવા સાથે ગાળો આપી હતી.

---

### જીવંત વીજ વાયરો તૂટીને નીચે પડવાથી લોકોમાં ભયનો માહોલ

## ગોરવા ગુ.હાઉસિંગ બોર્ડની અનમોલ, કૈલાશધામ સોસા.માં વાયરો સળગ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21

વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની કૈલાશધામ અને અનમોલ સોસાયટીમાં ફરીથી વીજ થાંભલા પરના વીજ વાયરો સળગ્યા હોવાની ઘટના બની હતી. ગત મોડી રાત્રીએ વીજ વાયરો સળગ્યા બાદ વીજ વાયર તૂટીને નીચે પણ પડયા હતા. આગના તણખલા ઝરતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ કરતા વીજ કંપનીના કર્મચારીઓ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને આગળની કામગીરી હાથધરી હતી. વડોદરા શહેર સહિત રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. જ્યારે, ઓવર હિટિંગને કારણે આગ લાગવાના બનાવો પણ વધી રહ્યા છે. ત્યારે, ફરી એક વખત શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં વીજ થાંભલા પર વીજ વાયરો સળગતા



લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. શહેરના ગોરવા વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડની અનમોલ કૈલાશધામ સોસાયટીમાં ગત મોડી રાત્રે વીજ થાંભલા ઉપર વીજ વાયરોમાં સ્પાર્ક થયા બાદ આગ લાગી હતી. વીજ વાયરો સળગતા આગના તણખલા ઝર્યા હતા. જ્યારે જીવંત વીજ વાયર પણ તૂટીને નીચે પડ્યો હતો. વીજ વાયરોમાં ધડાકા થતા સોસાયટીના લોકોમાં ભય ફેલાયો હતો. લોકો એકત્ર થઈ આ અંગેની જાણ વીજ કંપનીને કરતા કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે નોંધનીય છે કે, અગાઉ પણ ઘણી વખત આ સોસાયટીમાં વીજ વાયરો સળગ્યા હતા છતાં પણ આજ દિન સુધી કોઈ યોગ્ય નિરાકરણ કરવામાં નહીં આવતા ફરીથી આ વીજ વાયરો સળગતા લોકોમાં મોટી દુર્ઘટના થવાની ભીતિ સેવાઈ રહી છે.

---

## લગ્નમાં જવા મુદ્દે પરિણીતાનો આત્મહત્યાનો પ્રયાસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21

સંજયભાઈ હરમાનભાઈ પરમાર ( રહે. મહુવડ ચોકડી પાસે, પાદરા, વડોદરા તથા તેમની પત્ની અનીષાબેન (ઉ.વ.20) સાથે પરિવારજનો વચ્ચે સામાન્ય વાતચીત દરમિયાન બોલાચાલી થઈ હતી. આ દરમિયાન સાસુ ગીતાબેન દ્વારા “લગ્નમાં જવું હોય તો જાઓ, નહિતર ન જાઓ” જેવી વાત કરતા અનીષાબેનને મનમાં લાગી ગયું હતું. જેના કારણે તેઓ ગુસ્સામાં આવી જતા આવેશમાં ઘરના રસોડામાં રાખેલી ફીનાઈલની બોટલ લઈને તેનું ઢાંકણ ખોલી અંદાજે બે-ત્રણ ઘૂંટ ફીનાઈલ પી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો દ્વારા તાત્કાલિક અનીષાબેનને સારવાર માટે મહુવડ ખાતે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેમને આઈ.સી.યુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

---

### શહેરના ન્યૂ વીઆઈપી રોડ પર બનેલો બનાવ

## ક્રિકેટ રમવા મુદ્દે ઝઘડામા પાડોશીઓ બાખડી પડ્યાં

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21

વડોદરાના ન્યૂ વી.આઈ.પી રોડ વિસ્તારમાં આવેલી પંચમ ઈલાઈટ સોસાયટીમાં બાળકોના ક્રિકેટ રમવાના મુદ્દે શરૂ થયેલી બોલાચાલી ગંભીર ઝપાઝપીમાં ફેરવાતા પાડોશીઓ બાખડયા હતા. જેમા બેટથી એક મહિલાને તથા તેના પુત્ર પર હૂમલો કરાયો હતો. તેથી મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ન્યુ વીઆઈપી રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા ભૂમિકા રામનાનીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના પતિ અને બાળકો સાથે પંચમ ઈલાઈટ સોસાયટીમાં રહે છે. છેલ્લા ચાર દિવસથી બાજુમાં રહેતા મનોજ શર્મા અને તેમની પત્ની કોમલબેન સાથે તેમના બાળકોના રમવાના મુદ્દે બોલાચાલી ચાલી રહી હતી. આજરોજ સાંજે આશરે 7.45 વાગ્યે પોતાના નાના પુત્ર સાથે થયેલી વાત અંગે પાડોશીઓને સમજાવવા ગયા હતા. ત્યારે આરોપીઓએ બોલાચાલી કરી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. બાદમાં ઝપાઝપી દરમિયાન કોમલબેને પોતાના પુત્ર પાસેથી લાકડાનું બેટ લઈને મહિલાને કમરના ભાગે બે ફટકા માર્યા હતા. વચ્ચે પડેલા તેમના મોટા પુત્રને પણ હાથના કોણીના ભાગે ઈજા પહોંચાડી હતી. ઘટનાની જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી હતી, પરંતુ આરોપીઓ પોતાના ઘરે જઈ દરવાજો બંધ કરી દીધો હતો અને પોલીસ સાથે સહકાર આપ્યો ન હતો. મહિલા દ્વારા આરોપી મનોજ શર્મા અને તેમની પત્ની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે ફરિયાદ નોંધાવવામા આવી છે. ઈજાગ્રસ્ત માતા અને પુત્ર સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. પોલીસે હુમલો કરનાર મહિલા સહિત બે લોકો સામે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે.